0 1 DEC 2020
Inward No. ९६०३
Registry Branch
G. W. S. S. BOARD
C A O
M S
Chairman
Marking

વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાંથી માહે નવેમ્બર-૨૦ થી ડિસેમ્બર-૨૦ માટેની મૂડી હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

<u>માંગણી ક્રમાંક :૯૬ (કેન્દ્રનાં હિસ્સાની)</u>

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

યાદી ક્રમાંક :બીયુડી/૧૦૨૦૨૦/૩૫૧/ખ-૩

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :૨૭/૧૧/૨૦૨૦

વંચાણે લીધો–

આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૦નો ઓર્ડર ક્રમાંક: **CAP/102020/01/Narmada**

યાદી : -

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઓર્ડરથી (રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના-કવરેજ (STC)) જલ જીવન મિશન (JJM) હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર જોગવાઈની મર્યાદામાં માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર– ૪૨૧૫ હેઠળ માહે નવેમ્બર-૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ માસ માટે કેન્દ્રના હિસ્સાની કુલ રૂ.૨૪,૨૯,૮૦,૦૦૦/-(અંકે રૂપિયા ચોવીસ કરોડ ઓગણત્રીસ લાખ એંશી હજાર પુરા)ની ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગને ફાળવેલ છે. જે ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ યોજનાઓમાં ખર્ચ કરવા માટે ફાળવણી કરવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી,(પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

01/12/20

| અનું. | વિગતવાર સદર | | નવેમ્બર-૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ સુધી | રકમ શબ્દોમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ | | | | |
| માંગણી ક્રમાંક ૯૬ (કેન્દ્રનો હિસ્સો) | | | | |
| | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા | | |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો (PSS) | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા સદર - | ૦૧- રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના-કવરેજ | રૂ. ૨૪,૨૯,૮૦,૦૦૦ /- | અંકે રૂપિયા ચોવીસ કરોડ ઓગણત્રીસ લાખ એંશી હજાર પુરા |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧ | | |

શરતો :-

1. વર્ષ ૨૦૨૦-૨૧નાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
3. વર્ષ ૨૦૨૦-૨૧નાં અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
4. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
5. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં

ઓડીટપારા ઉદભવે નહિ. જો માહિતી સમયસર મોકલવામાં ન આવે તો તેની જવાબદારી બોર્ડના નાણાનિયંત્રક અધિકારીની રહેશે

6. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

7. આમુખમાં દર્શાવેલ આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૧૧/૨૦૨૦ના ઠરાવોમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ શર્મા)
સેક્શન અધિકારી(પા.પુ.)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેર અને અધિક સચિવ શ્રી (યોજના), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) ખાસ ફરજ પરના અધિકારીશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૪) નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૫) મુખ્ય ઈજનેરશ્રી,(પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના પ્રતિ,</u>

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
(૨) ઉપસચિવ (બજેટ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
(૫) ઉપસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૭) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.
(૮) નાયબ સેક્શન અધિકારી.
(૯) પસંદગી ફાઈલ.